મિત્રો,

નાનપણથી જ મને ગુજરાતી સાહિત્યમાં ઊંડો રસ રહ્યો છે. વાંચનનો શોખ પણ એ ઉમરથી જ કેળવાયેલો છે. કવિતાઓ, ગીતો, ગઝલો વાંચવા તેમ જ સંભાળવા ખુબ જ ગમતાં. અહીં લંડન આવ્યા બાદ એની સખત ખોટ વર્તાતી. ત્યાં સુધી હું ગુજરાતી બ્લોગ્સથી સાવ જ અજાણ હતો. એક મિત્રના ઈ-મેઈલમાંથી મને રીડગુજરાતી અને લયસ્તરો વેબસાઈટ મળી. તેમાંથી જ રણકારનો વિચાર આવ્યો અને ૧૬ માર્ચ ૨૦૦૯ન રોજ રણકાર એક બ્લોગ સ્વરૂપે શરુ કર્યો. રણકારનો મુખ્ય ઉદ્દેશ મારી પાસે રહેલા ગીતોને અન્યો જોડે વહેચવાનો છે. રણકારને ટૂંક સમયમાં જ દેશ-વિદેશથી વાચકોનો અદભુત સહકાર સાંપડ્યો અને ઓગસ્ટ ૨૦૦૭માં રણકાર એક સ્વતંત્ર વેબસાઈટનું સ્વરૂપ મળ્યું. આ ત્રણ વર્ષની સફરમાં રણકાર પર ૧૫૦ કવિઓની ૭૦૦થી વધુ રચનાઓ વિનામૂલ્યે સાંભળી શકાય છે. અહીં વિવિધ કેટેગરીમાં ગીતો મુકવામાં આવ્યા છે જેમકે ગીત, ગઝલ, પ્રાથના-ભજન, લગ્નગીતો વગેરે. જે તે કેટેગરીના પેજ પર કેટેગરી પ્લેયર છે. આ ઉપરાંત રેડિયોની સુવિધા પણ છે. પોતાની પસંદના ગીતો સંભાળવા માટે કોઈ પણ રણકાર પર રજીસ્ટર થઈને પોતાનું પ્લે-લીસ્ટ બનાવીને સાંભળી શકે છે અને જો કોઈ ગીત રણકાર પર ન હોય તો ફરમાઇશ કરી શકાય છે. હું એ ગીત શોધીને મુકવાની કોશિશ કરું છું. રણકારની મોબાઈલ આવૃત્તિ પણ છે.

રણકારથી મને અંગત આનંદ તો મળ્યો છે જ પણ ગુજરાતી બ્લોગ જગતના ભાગ બનવાનું સૌભાગ્ય પણ મળ્યું છે. રણકાર દ્વારા દેશ-વિદેશમાં અનેક મિત્રો મળ્યા છે અને તેમના સતત પ્રોત્સાહન અને માર્ગદર્શનથી હું સાહિત્યને વધુ સારી રીતે સમજી શક્યો છું. આ પહેલાં જયારે ગીતો સંભાળતો ત્યારે માત્ર માણતો તેને સમજવાની કોશિશ ન કરતો. આ પ્રવૃત્તિ ચાલુ કર્યા બાદ ગીતોની કાવ્ય-રચના, છંદો વગેરેની સમજ આવી છે. જોડણી પ્રત્યે સભાન વધુ સભાન બન્યો છું. એવું ઘણું શીખવા મળ્યું છે કે જે કદાચ હું ક્યારેય ન કરી શક્યો હોત. પોતાની ગમતી પ્રવૃત્તિ કરવાનો આનંદ હું આજે પામી શક્યો છું.